ગાંધીનગર સમાચાર

**તારી મમ્મી વગર હવે રહી શકું એમ નથી એટલે આપઘાત કરું છું**

# સ્વાદિષ્ટ ચીક્કી-બોર-શેરડી સંગ, જામશે ઉત્તરાયણનો રંગ

## પતંગ રસિકો માંજો તૈયાર કરાવવામાં વ્યસ્ત બન્યા : રંગબેરંગી પતંગો સાથે તુક્કલ, ટોપી, પિપૂડા અને ગોગલ્સની મન મૂકીને ખરીદી કરી રહ્યાં છે

ગાંધીનગર, તા.૧૧


રવિન્દ્રનાથ ટાગોરે એક વખત એવું કહ્યું હતું કે, 'ભારતમાં જે ઉત્સવો છે તે એક ફરતી યુનિવર્સિટી છે.' દરેક ઉત્સવની સાથે અનેક વિધ પરંપરાઓ જોડાયેલી છે. એમાં પણ મકરસંક્રાતિનું પર્વ એક આગવી જ ઓળખ ધરાવે છે. પવનની દિશા બદલાવાની સાથે સાથે ઋતુકાળમાં પણ પરિવર્તન આ દિવસથી થાય છે. નાગરિકો આમ તો શિયાળાની ધીમી ગતિની વિદાયની સાથે ધાબે ચઢી સૂર્યસ્નાન કરતા કરતા પતંગ ચગાવી અને હાથની કસરતની સાથે સાથે પતંગ ઉડાડવાનું તેમજ કાપવાનું કૌશલ્ય દાખવી ચીસાચીસ કરી નવી સિઝનને આવકારતા હોય તેવું દશ્ય સર્જાય છે.

મકરસંક્રાતિના આ દિવસે પતંગ રસિકો ખાણી પીણીનો પણ ઉત્સવ ઉજવતા હોય એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે. ચૂરમાના લોટથી બનેલા થેપલા, ચટાકેદાર ઉંધિયુ અને જલેબી તો ખરી જ અને સાથે સાથે મેથીના થેપલા અને દાળનું ઓસામણ ખાનાર વર્ગ મોટો છે આ ઉપરાંત ધાબે ચીક્કી, બોર, શેરડીની જયાફત તો જુદી જ હોય છે.

શહેરમાં ઉતરાયણના પર્વની મૌસમ જામી ચુકી છે આકાશમાં રંગબેરંગી પતંગો દેખાઈ રહ્યા છે. આ તહેવારના દિવસે નાના ભૂલકાઓથી લઈ વડીલો સાથે મળી ધાબા, અગાશીઓ તેમજ ખુલ્લા મેદાનોમાંથી પતંગ ચગાવી આ પર્વનો આનંદ મેળવતા હોય છે. આનંદમાં બમણો વધારો કરવા તેમજ શારીરિક ક્ષમતા ટકાવી રાખવા દિવસ દરમિયાન લોકો દ્વારા ચીક્કી, બોર, શેરડી, મોસંબી, નારંગી અને જામફળ સહિતની વસ્તુઓ ભરપુર પ્રમાણમાં ખવાય છે. ખાસ કરીને સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારમાંથી આવતા બોર સ્વાદમાં મીઠા હોય છે. હાલ બજારમાં અલગ અલગ સાઈઝના બોર જોવા મળી રહ્યા છે. સાથે ચણીબોરનું પણ બજારમાં ધૂમ વેચાણ થઈ રહ્યું છે.



(તસવીર : દિપક જાની)



(તસવીર : કશ્યપ નિમાાવત)

આ તહેવારના બે દિવસને ટાણે બજાર ધમધમી ઉઠયું છે. બજારમાં પતંગ, દોરી, ગોગલ્સની ખરીદીની સાથે સાથે લોકોની ભીડ ચીક્કીની દુકાનો ઉપર પણ જોવા મળી રહી છે. આ વર્ષે ચીક્કીમાં અનેક પ્રકારની વેરાયટીઓ બજારમાં આવી ચુકી છે. જેમાં ચીક્કી, તલ સાંકળી, ગોળપાપડી, મમરાના લાડુ, રાજગરાના લાડુ, સિંગની ચિક્કી, ગલધાણીની ચીક્કી, લીલા નારિયેળ અને ડ્રાયફ્રુટના લાડુ, ગોળની રેવડી, માવાની ચીક્કી, ગજકની ચીક્કી, તલસીંગની મિશ્ર ચીક્કી, કાજુઓની કુકીસ સહિતની અવનવી વેરાયટીઓ જોવા મળી રહી છે. આ ઉપરાંત બજારમાં ગીફ્ટ આપવા માટે પણ ચીક્કીના પેકેટના અવનવી સ્ટાઈલમાં પેકીંગ જોવા મળી રહ્યાં છે.

દરેક પર્વમાં ગીફ્ટ આપવાનો રીવાજ આમ બનતો જાય છે. દિવાળીમાં લોકો મીઠાઈ, ચોકલેટ, ડ્રાયફ્રુટને અવનવી સ્ટાઈલમાં પેક કરી સ્નેહીજનોને ભેટ તરીકે આપતા હોય છે ત્યારે હવે ઉત્તરાયણ પર્વમાં પણ ચીક્કીની અવનવી વેરાઈટીઓનું એક સાથે જુદી જુદી રીતે પેકીંગ કરી ભેટ સ્વરૂપે અપાતા આ ચીક્કી ગીફ્ટ પેકીંગ બજારોમાં આવી ચૂકયા છે. આ ઉત્તરાયણમાં ચીક્કી ગીફ્ટ તરીકે આપવાનો નવો ટ્રેન્ડ જોવા મળશે. ૧૪મી જાન્યુઆરીના રોજ સમગ્ર ગુજરાતમાં ભારે ઉત્સાહપૂર્વક ઉત્તારાણ તહેવારનો ઉત્સવ મનાવવામાં આવશે.

આવા બધા ઉત્સવોને જોઈ ગાંધીનગરના જાણતા કવિ અને સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની રચના યાદ આવે છે...

અમે તો ઉત્સવ ઘેલા ગુજરાતી...

## @ગાંધીનગર

● માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત આજે ૪ કલાકે એસ.ટી. ડેપો ખાતે દૃષ્ટિ ચકાસણીનો કાર્યક્રમ યોજાશે

● સેકટર-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાલયમાં વિજ્ઞાન અને અંગ્રેજી ભાષાનું પ્રદર્શન - ૧૭૫ વિદ્યાર્થીઓ ભાગ લઈ વિવિધ કૃતિઓ રજૂ કરશે.

● ભારતીય જનતા યુવા મોરચા દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સે-૪ ઓમકારેશ્વર મહાદેવ ખાતેથી સે-૧૨ સિવિલ હોસ્પિટલ સુધી બાઈક રેલી યોજાશે.

● ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મ જયંતિ નિમિત્તે બપોરે ૧૨ થી ૪ કલાક દરમિયાન સ્વામી વિવેકાનંદ જીવન અને કાર્ય સંબંધી ડોકયુમેન્ટરી અને પ્રદર્શન યોજાશે.

● નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સવારે ૯ કલાકે સિવિલ કંપાઉન્ડ ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલી કરાશે તથા સવારે ૧૦.૦૦ કલાકે વિધાનસભા ખાતેના સ્વામી વિવકાનંદના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પિત કરાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● ગાંધીનગર હવે સંસ્કાર નગરી તરીકે પણ ઓળખાય છે. નગરના કેટલાક યુવાનો દ્વારા સે-૧૯માં આવેલ સ્પેશિયલ ચાઈલ્ડ હોમના એચઆઈવી ગ્રસ્ત બાળકોને મહિને એકવાર તેમને ભાવતી વાનગી જાતે બનાવી પીરસી પોતાના મૂલ્યવાન સંસ્કારોનો પરિચય કરાવી રહ્યાં છે.

● કુડાસણ વિસ્તારમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨માં લીફ્ટ અધવચ્ચે અટકી જવાથી તેમાં સવાર રહીશોને લગભગ એક કલાક સુધી ગોંધાઈ રહેવાનો વારો આવ્યો હતો. સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં પણ સતત ચાર કલાક સુધી વીજ પુરવઠો ખોરવાતા રહેવાસીઓ ત્રાહીમામ પોકારી ગયા હતા.

● સિવિલ હોસ્પિટલના એકસ રે-સોનોગ્રાફી વિભાગમાં અચાનક કોઈ કેમિકલની તીવ્ર દુર્ગંધ ફેલાઈ જવા પામી હતી. આ દુર્ગંધના કારણે અહીં સારવાર લેવા આવેલા દર્દી તથા તેમના સગાઓને કલાકો સુધી નાક દબાવી બેસવું પડયું હતું.

● નગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે આવેલા સૌરાષ્ટ્રના કેટલાક યુવાનો દ્વારા સે-૧૫ની એલડીઆરપી કોલેજ સામે સાંજે પાંચ વાગ્યાથી કાઠિયાવાડી ભોજનનો વ્યવસાય ચાલુ કરાયો છે. ખુબ જ ઓછી કિંમતમાં લિજજતદાર કાઠિયાવાડી વાનગીઓ પીરસી સૌરાષ્ટ્રની વિખ્યાત પરોણાગતિનો અહેસાસ કરાવી રહ્યાં છે.

● શહેરની શાળાઓમાં પહેલા સેમેસ્ટરની ઓબ્જેકટીવ પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. પરીક્ષાઓ પૂર્ણ થઈ જતા બાળકો હવે કોઈ પણ જાતના બોજ વગર ખૂબ મોજ મસ્તીથી ઉત્તરાયણ પર્વનો આનંદ લૂંટવા અધીરા બન્યાં છે.

● હરસોલી ગામના યુવાને રાયપુર નજીક નર્મદા કેનાલમાં પડી આત્મહત્યા કરી હતી તેનો મૃતદેહ મળી આવ્યો છે. આજે વધુ એક યુવાને કાંઠે રીક્ષા મુકી લીંબડીયા નજીકની કેનાલમાં પડતું મુકયું છે. જેની શોધખોળ ચાલુ છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# શહેરમાં લસણના ભાવમાં ધરખમ ઘટાડો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના બજારોમાં તાજેતરમાં લસણના ભાવ ઉંચકાયા હતા. આ ભાવ વધારાને કારણે ગૃહિણીઓ લસણનો ભાવ સાંભળીને લાલચોળ થઈ જતી હતી. પરંતુ શેરબજારની જેમ લસણ બજારમાં પણ મોટો કડાકો નોંધાયો છે. શહેરના બજારોમાં પંદર દિવસ અગાઉ રુ.૨૦૦ ના ભાવે કિલો વેચાતું લસણ અત્યારે હાલ રુ.૧૦૦ માં વેચાઈ રહ્યું છે. શિયાળાની મૌસમમાં ભાવ ઉંચકાયો હતો પરંતુ અચાનક તળીયે આવી જતા નગરજનો હરખાયા છે. નગરના બજારોમાં આવેલી લસણની દુકાનો પર ગૃહિણીઓ લસણની ખરીદી કરતી નજરે પડે છે.

આરોગ્યની દ્રષ્ટિએ લસણને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. ખાસ કરીને હ્દયરોગના દર્દીઓ માટે બલ્ડ પાતળુ કરવા માટે લસણ એ અકસીર ઈલાજ છે. મનુષ્યના સ્વાસ્થયને અનુકુળ હોવાથી ડૉક્ટરો પણ લસણ નાંખેલી ચીજવસ્તું ખાવાની છુટ આપતા હોય છે. શિયાળાની કાતિલ ઠંડી નગરજનોને થીજવી રહી છે ત્યારે નગરજનો ગરમ ચીજવસ્તુ આરોગી ઠંડી સામે રક્ષણ મેળવી રહ્યા છે. આમ દિવસો કરતા શિયાળાની સિઝનમાં લસણની માંગમા વધારો જોવા મળે છે. બજારમાં લસણ પણ અલગ અલગ બ્રાન્ડનું તેમજ ભાવમાં પણ તફાવત હોય છે. જેમકે ગણપતિ, અનમોલ, બુલડોર, એચપી, એમપી, તેમજ પીટીસી બોમ્બ લસણ માર્કેટમાં ઉતમ માનવામાં આવે છે. એક કળીવાળુ લસણ અત્યારે બજારમાં રુ. ૬૦૦ ના ભાવે વેચાણ છે. આ લસણનો અન્ય લસણ કરતા વર્ષ દરમિયાન વધારે જ હોય છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, સહિત ગુજરાતના કાઠીયાવાડમાંથી લસણની આવક થાય છે. જેથી વર્ષ દરમિયાન રુ.૬૦ થી ૭૦ ના ભાવે વેચાતું લસણના ભાવ અચાનક આસમાને પહોંચતા નગરજનો ચિંતિત બન્યા હતા. લસણના ભાવ વધારા અંગે વેપારીને પુછતા જણાવ્યું હતું કે હોલસેલ માર્કેટમાં લસણની અછત સર્જાતા ભાવમાં વધારો જોવા મળે છે. હાલના સમયે લસણની ખેતી કરતા ખેડુતો લસણ મોટાપ્રમાણમાં લઈ જાય છે. જયારે બજારમાં આવેલું નવું લસણ ખાસ કોઈ ગ્રાહક ખરીદતું નથી જુના લસણની માંગ હોય છે અને માલ ન હોવાથી ભાવમાં વધારો જોવા મળે છે. પરંતુ આ વેપારમાં પણ શેરબજાર જેવું છે. ભાવ કયારે ઘટે તે કોઈ કહી શકતું નથી. પરંતુ શહેરના બજારમાં પંદર દિવસ પહેલા જ ભાવ લસણનો હતો તેનાથી અડધો અત્યારે હાલ થઈ જવા પામ્યો છે. શહેરના બજારોમાં આવેલી દુકાનોમાંથી નગરજનો લસણની ખરીદી કરતા નજરે પડે છે.



# તારી મમ્મી વગર હવે રહી શકું એમ નથી એટલે આપઘાત કરું છું

## વાવોલ પ્રીત એપાર્ટમેન્ટમાં રહેતા વિધુરે ૧૨ વર્ષના પુત્રને સંબોધીને સ્યુસાઈડ નોટ લખીને ઝેરી દવા પી લીધી

ગાંધીનગર, તા. ૧૧

હાલના સમયમાં પતિ-પત્નિએ એકબીજાના ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો હોય તેવી ઘટનાઓ સંખ્યાબંધ બને છે પરંતુ આજે એક એવી ઘટના ધ્યાને આવી છે જેમાં બે વર્ષ પહેલા મૃત્યુ પામેલી પત્નિના વિરહમાં પતિએ ઝેરી દવા ગટગટાવી લીધી છે. વાવોલ ગામના પ્રીત એપાર્ટમેન્ટ માં રહેતા ૪૮ વર્ષીય વિધુરે તેના ૧૨ વર્ષના પુત્રને સંબોધીને સ્યુસાઈડ નોટ લખી કે 'હું તારી મમ્મી વગર હવે રહી શકુ તેમ નથી એટલે આપઘાત કરું છું.' અને ત્યાર બાદ ઝેરી દવા પી લઈ મોતને વ્હાલુ કરી લીધું હતું. સે-૭ પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે લઈ મૃતદેહ પીએમ માટે મોકલી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ વાવોલ ગામના પ્રીત એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૪૮ વર્ષીય ઉમેશભાઈ છનાભાઈ પવારની પત્નિનું બે વર્ષ અગાઉ મૃત્યુ થયું હતું. તે સમયે દશ વર્ષના બાળકને માતા અને પિતા બંનેનો પ્રેમ અને હુંફ આપવાની જવાબદારી ઉમેશભાઈ પર આવી ગઈ હતી. બે વર્ષ વીતી ગયા પરંતુ પત્નિની યાદ પળેપળ સતાવતી હતી આખરે આજે ઉમેશભાઈએ પુત્રને સંબોધીને એક સ્યુયાઈડ નોટ લખી કે 'હું તારી મમ્મી વગર રહી શકું તેમ નથી એટલે આપઘાત કરું છું' અને ઝેરી દવા ગટગટાવી લઈને જીવનનો અંત આણી દીધો હતો. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી સ્યુસાઈડ નોટ કબ્જે લીધી છે અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આયના સ્પર્ધામાં ઓમ લેન્ડમાર્ક સ્કૂલની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં સર્વ વિદ્યાલય કડી કેમ્પસમાં બીબીએ કોલેજ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સ્પર્ધા આયનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં શાળાઓએ ભાગ લીધો હતો. ઓમ લેન્ડમાર્ક સ્કૂલની ગુજરાતી માધ્યમની વિદ્યાર્થીનીઓએ ગૃપ ડાન્સમાં દ્વિતિય અને એકપાત્રીય અભિનયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળાના શિક્ષક હર્ષદભાઈ પટેલે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર ઓમ લેન્ડ માર્ક પરિવાર દ્વારા વિજેતા બનેલ વિદ્યાર્થીનીઓ તેમજ માર્ગદર્શન પુરું પાડનાર શિક્ષકને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ત્રિમંદિર અંબા ટાઉનશીપના યુવાનનું ટ્રેઈનમાં કપાઈ જવાથી મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક અડાલજ ખાતે સ્થિત ત્રિમંદિર અંબા ટાઉનશીપ ખાતે રહેતા ૩૩ વર્ષીય યુવાન ભગત અનુત સાધુનું ટ્રેઈન નીચે આવી જતાં કપાઈ જવાથી મૃત્યુ નિપજયું છે. ગઈ કાલે ભગત સાધુ કુદરતી હાજતે ગયો હતો તે દરમિયાન રેલવે ટ્રેક પર ટ્રેઈનની અડફેટે તેના બે ટુકડા થઈ ગયા હતા. દુર્જન રામની ફરિયાદને આધારે અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

# નગરમાં વણઉકલ્યા ગુનાઓની ભરમાળ

## શાંત અને સલામત પાટનગરના માથે ક્રાઈમ કાળી ટીલી સમાન છે ત્યારે સહાયતા કેન્દ્ર થકી પોલીસ લોક પ્રશ્નોનો સુખદ ઉકેલ લાવશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં ગુનાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને પોલીસ આ ગુનાઓ અટકાવવા કે ઉકેલવામાં નિષ્ફળ રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. જે કારણે શાંત અને સલામત ગણાનું પાટનગર ક્રાઈમ સીટી તરફ ધકેલાતું જઈ રહ્યું છે. નગરજનોને ગુનાઓ બાબતે છુપો ભય સતાવી રહ્યો છે ત્યારે જિલ્લા પોલીસે કુટુંબ સહાયતા કેન્દ્ર શરૂ કરી જિલ્લાની મહિલાઓ, સીનીયર સીટીઝન તથા બાળકોને મુંઝવતા પ્રશ્નોનો સુખદ અને કાયમી ધોરણે ઉકેલ લાવવા પ્રયત્ન કરશે. પોલીસની આ પહેલને આવકારાઈ છે અને લોક હ્દયમાં પોતાનું સ્થાન એક શુભચિંતક તરીકે અંકિત કરે તેવી અપેક્ષા સેવાઈ છે.

પોલીસ કુટુંબ સહાયતા કેન્દ્ર અને લોક જાગૃતિ એકમ ગાંધીનગર દ્વારા તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની મહિલાઓ, સીનીયર સીટીઝન તથા બાળકોને મુંઝવતા પ્રશ્નોના સુખદ અને કાયમી ધોરણે ઉકેલ લાવવા પહેલ કરાઈ છે. જે અંગે સમગ્ર જિલ્લામાં પોલીસ દ્વારા જાહેરાત થઈ રહી છે. કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે નિષ્ણાંત કાઉન્સેલરો, સામાજીક કાર્યકરો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા અન્ય સરકારી સંસ્થાઓની મદદથી યોગ્ય નિકાલ માટે જિલ્લા પોલિસ કટિબિધ્ધ હોવાનું જણાવે છે. કૌટુંબિક, સમાજીક કે વ્યકિતગત પ્રશ્નોનો પણ સમાવેશ કરાયો છે ત્યારે પોલિસની આ લોકહિતની કાર્યપ્રણાલીને સર્વત્રથી આવકાર મળી રહ્યો છે છતાં પણ પોલીસ વિશેની માનસિક માન્યતાઓથી લોકો હજુ પણ શંકાઓ સેવી રહ્યા છે.

રાજયના પાટનગરમાં બનેલી ગંભીર પ્રકારની ગુન્હાહીત પ્રવૃત્તિઓ હજુ સુધી વણઉકેલી છે જેમાં કડી કેમ્પસમાં ફાર્મસીના ડાયરેકટરની હત્યા, એરફોર્સ કર્મચારીની હત્યા, આંગડીયા પેઢીના કર્મચારી પાસેથી ૧૮ લાખની લુંટ, ઘરફોડ ચોરીઓ, ઠગાઈ, વાહનચોરી, ચેઈન સ્નેચીંગ તથા મારામારી જેવા અનેક ગુનાઓમાં કેટલાક ગુનાઓ વણઉકલ્યા છે તો કેટલાક ગુનાઓ બનતા અટકાવવામાં પોલિસ નિષ્ફળ રહી છે. પોલિસ દ્વારા લોક જાગૃતિના અનેક પ્રયાસો હાથ ધરાય છે જે સરાહનીય છે પરંતુ લોકોનો પોલીસ ઉપર વિશ્વાસ પેદા થાય તેવી કોઈ કાર્યપધ્ધતિ અપનાવાય તે આ તબક્કે જરૂરી હોવાનું લોકો માની રહ્યા છે. પોલિસ વિભાગ જનહિત અર્થે જુદા જુદા અને વિવિધ કાર્યક્રમો આપી પોલીસ લોકસહયોગી હોવાનું ભારપૂર્વક જણાવી રહી છે.




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# સે-૨૦માં થયેલી ઘરફોડમાં રૂ. ૪૩ હજારની મત્તા ચોરાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૦ પ્લોટ નં. ૩૦૧/૩ ખાતે રહેતા ધવલભાઈ ગોપાલભાઈ દરજીના બંધ મકાનમાં ગઈ રાત્રી દરમિયાન મુખ્ય દરવાજાનું તાળુ તોડી તસ્કરો ઘુસ્યા હતા અને ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. મોડી સાંજ બાદ સે-૨૧ પોલીસ મથકમાં તેમણે ફરિયાદ નોંધાવી હતી. આ ઘરફોડ ચોરીમાં મકાનમાંથી તસ્કરો ૨૫ હજારની ડાયમંડની વીંટી, ૬ હજારની સોનાની વીંટી, ચાંદીના ચાર ગ્લાસ અને ગરમ જકેટ મળીને રૂ. ૪૩ હજારની કિંમતની મત્તા ચોરી કરી ગયા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. સે-૨૧પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

**મકાનમાંથી ચોર ગરમ જેકેટ પણ ચોરી કરી ગયો...!**

# નારાયણીની પજામા પાર્ટીમાં પતંગ સાથે રમતોની મસ્તી જામી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીકના ભાટ મુકામે નારાયણ હાઈટ્સ દ્વારા ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને યોજવામાં આવેલ ''પજામા પાર્ટી''માં ખુબજ મસ્તી અને મોજમજાનો માહોલ છવાયો હતો. આ પજામાં પાર્ટીમાં 'નાઈટવેર' ડ્રેસ કોડમાં આવેલા પરિવારોએ અવનવી રમતો સાથે વિવિધ વાનગીઓનો આસ્વાદ પણ માણ્યો હતો.



ઉત્તરાયણ પર્વ નિમિત્તે યોજવામાં આવેલ પજામાં પાર્ટીમાં ડીજે સંગીત સાથે ગેઈમ જોકીએ તમામ સભ્યોને વૉલીબોલ, મટકા ફોડ, જલેબી-પાણીપુરી ખાવાની હરિફાઈ, ટ્રેઝર હન્ટ વગેરે જેવી મજેદાર રમતો રમાડી હતી. રમતોમાં વિજેતાઓને સરપ્રાઈઝ ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. આ સાથે પાર્ટીમાં સભ્યો પતંગ ઉડાવવાનો આનંદ ઉઠાવ્યો હતો અને બોર, આંબલી, તલના લાડુ, ચીકી, ચના જોર ગરમ વગેરેનો લુત્ફ ઉઠાવ્યો હતો. આ સાથે નારાયણીના શેફ દ્વારા તૈયાર કરાયેલ વિવિધ મફિન્સ, સાત પ્રકારની બિરિયાની અને બ્રેકફાસ્ટ-લન્ચના મિશ્રણ સમો ''બ્રન્ચ''નો આનંદ તમામ સભ્યોએ મનભરીને માણ્યો હતો.

# આછો કે પાતળો, ફકત આધાર જોઈએ, કિન્ના પહેલાં બાંધુ પછીથી ઉડાડને!!

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે જાણીતા સાહિત્યકાર અશોકપુરી ગોસ્વામી સર્જકની કેફીયત અંતર્ગત એમની સાહિત્ય સભરની મહેફિલ સજાવવા આવ્યા હતાં.

ગુજરાતી સાહિત્ય માટે છેલ્લા ૧૯ વર્ષથી કાર્યરત ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને મળી હતી.

અહીં જળ છે જલમાં ઊતરવાનું પણ છે,
અને સાવ કોરા નીકળવાનું પણ છે!

એવાં વેધક શેર સાથે કવિ અશોકપુરીએ મહેફિલ શરૂ કરી. 'અર્થાત' અને 'કલિંગ' એમનાં કાવ્ય સંગ્રહો, જે પૈકી કિલંગને તો ડૉ. જયંત પાઠક કવિતા પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલો છે.

બાદબાકી ફરી લાગણીની થઈ,
આમ નહીતર ગણિત સાવ સાદું હતું!

એક બાદ એક એમની ગઝલ પર વાહ અને ઈર્શાદ થતાં રહ્યાં. અશોકપુરી ગોસ્વામીનું ગદ્યમાં અનોખું યોગદાન છે. એમની 'કૂવો' નવલકથા અનેક પુરસ્કારોથી સન્માનિત છે અને એની આ નવલકથા મરાઠી, હિન્દી, ઉર્દુ અને અંગ્રેજીમાં અનુવાદીત થઈ છે.

એમની અન્ય એક નવલકથા 'નીંભાડો' પણ શ્રેષ્ઠ નવલકથાનો 'ગોવર્ધન ત્રિપાઠી એવોર્ડ' મેળવી ચુકી છે. એ સિવાય મૂળ, વેધ, મ્હોરો, અમે, જુઠી, ઉઠાં, જીવતી જહાસ જેવાં કેટલાય સર્જનો ગુજરાતી સાહિત્યમાં માન પામ્યાં છે.

આ સર્જકનો પરિચય ભરત કવિ અને ત્યારબાદ વિદ્વાન સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા કરાવવામાં આવ્યો. વિવિધ રસની ગઝલ સાથે હિન્દી-ઉર્દુ રચનાઓ પણ જમાવટ કરી ગઈ. એમણે એમનાં ગદ્ય સર્જનની પણ સુંદર વાત માંડી.

અશોકપુરી ગોસ્વામીને માણવા માટે કિશોર જીકાદરા, રમણલાલ વાઘેલા, જય ગજ્જર, કવિ મૂલાંકી, સંજય થોરાત, રમણલાલ શ્રીમાળી સહ અનેક સાહિત્ય સર્જકો અને પ્રેમીઓ હાજર હતાં. જેમણે આ સર્જકને ઉમળકાભેર વધાવ્યા. અંતમાં એમનાં જ શેર સાથે,

કસર હજીય છે એ પણ સ્વીકારવાનું છે
ગઝલનું લોઢું હજી પણ તપાવવાનું છે!

ગાંધીનગર સાહિત્ય સભા સર્જકોને બિરદાવતી રહે અને ગાંધીનગરના સાહિત્ય પ્રેમીઓ માટે અવનવા સર્જકો લાવતી રહે એ માટે સતત પ્રયત્નશીલ છે.





## ચિરવિદાય

- સ્વ. ઉમેશભાઈ શનાભાઈ પવાર, ઉ.વ. ૫૦
- સ્વ. શંકરભાઈ હરીભાઈ શ્રીમાળી, ઉ.વ. ૫૬
- સ્વ. રામાજી ગોકાજી ઠાકોર, ઉ.વ. ૫૧
- સ્વ. બાબુલાલ રામગોપાલ ગુપ્તા, ઉ.વ. ૭૦
- સ્વ. માધાભાઈ કરશનભાઈ દરજી, ઉ.વ. ૭૮